RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 299 * Date: 20.08.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## યુદ્ધનો અંત લાવવા યુક્રેને અમેરિકાને 'કિંમત' ચૂકવવી પડશે! ટ્રમ્પ-ઝેલેન્સ્કીની બેઠકમાં ડીલ



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે બેઠક મુદ્દે વિગતો રજૂ કરતા યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું છે કે, વ્હાઈટ હાઉસમાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને યુરોપિયન નેતાઓ સાથે થયેલી વાતચીતમાં યુક્રેન માટે ૯૦ અબજ ડૉલરના અમેરિકન હથિયાર ખરીદવાની યોજના સામેલ છે. આ ખરીદી યુરોપિયન ફંડ મારફત થશે. જે યુક્રેનની સુરક્ષા ગેરેંટીનો હિસ્સો બનશે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ સોમવારે કહ્યું કે, સુરક્ષા ગેરેંટીનો એક હિસ્સો યુક્રેનમાં ડ્રોનનું નિર્માણ કરશે, જેમાંથી અમુક અમેરિકા દ્વારા ખરીદવામાં આવશે. આ ૯૦ અબજ ડૉલરની આ ડીલમાં ૫૦ અબજ ડૉલરના ડ્રોન ઉત્પાદન પણ સામેલ છે. હજુ આ મામલે ચર્ચાઓ ચાલી રહી છે. કોઈ ઔપચારિક કરાર થયો નથી. આગામી એકથી દોઢ સપ્તાહમાં કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.ઝેલેન્સ્કી અને ટ્રમ્પે વ્હાઈટ હાઉસની મુલાકાત પહેલાં એક પ્રસ્તાવ પેકેજ તૈયાર કર્યું હતું. આ પેકેજ ટ્રમ્પના અમેરિકી ઉદ્યોગના આર્થિક ફાયદાઓ પર ભાર મૂકે છે. ટ્રમ્પે ભવિષ્યની સહાયતા અંગે સ્પષ્ટતા કરી હતી કે, અમે કંઈપણ સેવા મફત આપી રહ્યા નથી, અમે હથિયાર વેચી રહ્યા છીએ. સ્થાયી શાંતિ સ્થાપિત કરી મજબૂત સુરક્ષા માળખું તૈયાર કરવા પર ભાર મૂકાયો છે. જે ભવિષ્યમાં થનારા યુદ્ધને રોકશે.ગઈકાલે સોમવારે વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ, ઝેલેન્સ્કી અને યુરોપના સાત નેતાઓ વચ્ચે એક લાંબી બેઠક થઈ હતી. આ બેઠક પૂર્ણ થયા બાદ નેતાઓએ અપેક્ષા વ્યક્ત કરી હતી કે, ટ્રમ્પ ભીષણ યુદ્ધનો અંત લાવવાના પોતાના ચૂંટણી વચનો પર પૂરજોશમાં કામ કરી રહ્યા છે. આ બેઠકમાં તમામ લોકો ખુશ હતા.ટ્રમ્પે ઝેલેન્સ્કી અને ઈયુના નેતાઓ સાથે બેઠક કર્યા બાદ ત્રણેય નેતા વચ્ચે સંયુક્ત બેઠક કરવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે જણાવ્યું કે, ઝેલેન્સ્કી અને પુતિન વચ્ચે બેઠક ગોઠવવામાં આવશે. મેં પ્રમુખ પુતિન સાથે ફોન પર વાત કરી છે. પુતિન અને ઝેલેન્સ્કી વચ્ચે એક નિશ્ચિત સ્થળ પર બેઠક યોજવાની તૈયારીઓ શરૂ કરી છે.

## ગોધરા સિટી સર્વે કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ, ૨૮૦૦ પ્રોપર્ટી કાર્ડ રદ થતાં હાહાકાર

ગોધરાની સીટી સર્વે કચેરીમાં તત્કાલિન સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટે નિયમ વિરુદ્ધ ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ ઇશ્યૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. નિયમ વિરૂદ્ધ ઇશ્યૂ થયેલા ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડને જિલ્લા કલેકટરના હુકમથી રદ કરી દેવામાં આવ્યા છે. ત્યારે લાબા સમયમાં બોગસ બનેલા પ્રોપર્ટી કાર્ડ રદ થતા ચર્ચાનો વિષય બન્યો છે.

ગોધરા સીટી સર્વે કચેરીમાં પ્રોપર્ટી કાર્ડ ઇશ્યૂ કરવામાં ભ્રષ્ટાચાર કરાયો હોવાની રજૂઆત બાદ ગાંધીનગરની ટીમે ગોધરા કચેરીમાં ૩ દિવસ તપાસ કરતા ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ નિયમ વિરુદ્ધ ઇશ્યૂ કરી હોવાનું બહાર આવતા તપાસ ટીમ તમામ ડોક્યુમેન્ટ લઇ જઇને તપાસ કરી હતી. તપાસ બાદ ગુજરાત સેટલમેન્ટ કમીશ્નર અને જમીન રેકર્ડ નિયાકમ હુકમ કર્યો કે ગોધરાના તત્કાલિન સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ ડી.ડી.પટેલે કચેરીમાં ૨૮૩૧ થી વધુ પ્રોપર્ટી કાર્ડ ક્ષતિયુક્ત રીતે બનાવેલા હોવાનું પ્રસ્થાપિત થયું છે. જેથી ડી.ડી.પટેલ દ્વારા આચરવામાં આવેલા ગેરરીતીને લઇને તાત્કાલિક અસરથી ફરજ મોકુફી મુકવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જયારે કચેરીમાં ક્ષતિ યુક્ત ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડને રદ કરવા કે ચાલુ રાખવા તેની અસમસંજમાં કચેરી છે. હાલ ડીઆઇએલઆર દ્વારા વડી કચેરીમાં લેખીતમાં પ્રોપર્ટી કાર્ડની રજૂઆત કરી છે. વડી કચેરીમાંથી નીયમ વિરુદ્ધ ઇશ્યૂ કરેલા ૨૮૩૧ જેટલા પ્રોપર્ટી કાર્ડ જીલ્લા કલેકટર દ્વારા રદ કરવાનો હુકમ કરતા કચેરી દ્વારા તમામ નિયમ વીરુદ્ધ ઇશ્યૂ થયેલ પ્રોપર્ટી કાર્ડ રદ કરી દીધા છે. તેમજ રદ થયેલ પ્રોપર્ટી કાર્ડ ધારકોઓએ હવે નવેસરથી પ્રોપર્ટી કાર્ડની પ્રકીયા નિયમ મુજબ કરવી પડશે. જયારે જિલ્લામાં એક સાથે ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ રદ થતા ચર્ચાનો વિષય બન્યો છે.એક પ્રોપર્ટી કાર્ડની તપાસમાં સમગ્ર ગેરરીતી બહાર આવી હતી કાલોલના કાતોલની જમીન ખેતી હેડે ચાલતી હતી. અને તેમાં ખોટું પ્રોપર્ટી કાર્ડ બનેલ હોવાની શંકાના આધારે તપાસ કરવામાં આવી હતી. તપાસમાં એક સાથે ૨૮૦૦ થી વધુ નિયમો વિરુદ્ધ બનાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. તેમજ ખેતીની જમીનના પણ પ્રોપર્ટી કાર્ડ બન્યા હોવાને લઈને તંત્ર દ્વારા કાર્યવાહી કરી છે. ખેતી જમીનના પ્રોપર્ટી કાર્ડ સહીત તમામ બોગસ પ્રોપર્ટી કાર્ડને રદ કરી દેવામાં આવ્યા છે.




## વિપક્ષની 'વોટર અધિકાર યાત્રા'માં દુર્ઘટના, રાહુલ ગાંધીની જીપે પોલીસકર્મીને ટક્કર મારી




લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા દરમિયાન એક દુર્ઘટના ઘટી છે. ઔરંગાબાદ જઈ રહેલી આ રેલીમાં રાહુલ ગાંધીની ગાડીએ એક પોલીસકર્મીને ટક્કર મારી હતી. જેને સામાન્ય ઈજા થઈ હતી. વોટર અધિકાર યાત્રામાં આરજેડી નેતા તેજસ્વી યાદવ પણ જોડાયા છે. કોંગ્રેસ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ આજે આ રેલીમાં ઔરંગાબાદ જઈ રહ્યા હતાં. જ્યાં રાહુલ ગાંધી એક જનસભાને સંબોધિત કરવાના હતાં. આ યાત્રા દરમિયાન રાહુલ ગાંધી ચૂંટમી પંચ અને ભાજપ પર વોટ ચોરીના ગંભીર આરોપો મૂકી રહ્યા હતા. યાત્રા દરમિયાન નવાદામાં રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવને લઈ જઈ રહેલા વાહને સુરક્ષામાં તૈનાતમાં પોલીસકર્મીને ટક્કર મારી હતી. પોલીસકર્મી નીચે પડી ગયો હતો. જેને અન્ય સુરક્ષા અધિકારીઓએ ઉભો કર્યો હતો. બાદમાં રાહુલ ગાંધીએ તેના ખબર અંતર પણ પૂછ્યા હતાં.

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ભાજપ સાથે મિલીભગત હેઠળ વોટ ચોરીનો આરોપ મૂક્યો છે. આ આરોપો સાથે તેમણે વોટર અધિકાર યાત્રા શરૂ કરી છે. ઝારખંડ પ્રદેશ કોંગ્રેસના નેતાઓ ડઝન ગાડીઓના કાફલા સાથે આ યાત્રામાં જોડાયા છે. તેઓ આજે બિહાર પહોંચ્યા હતાં. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કેશવ મહતો કમલેશ, પૂર્વ અધ્યક્ષ રાજેશ ઠાકુર, મંત્રી દિપિકા પાન્ડે સિંહ ઉપરાંત કોંગ્રેસ ધારાસભ્યો, કાર્યકારી અધ્યક્ષ સહિત પક્ષના અનેક કાર્યકરો નવાદા પહોંચ્યા હતાં. જ્યાં રાહુલ ગાંધી જનસભા સંબોધિત કરવાના છે.

## કેન્દ્ર સરકારે ઓનલાઈન ગેમિંગ બિલને આપી મંજૂરી, જાણો કેવી રીતે કરાશે રેગ્યુલેટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ મંગળવારે યોજાયેલી બેઠકમાં ઓનલાઈન ગેમિંગ બિલને મંજૂરી આપવામાં આવી છે. આ બિલમાં ઓનલાઈન ગેમિંગને દંડનીય અપરાધ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. લોકસભામાં બુધવારે આ બિલ રજૂ કરવામાં આવશે. ઓનલાઈન ગેમિંગ બિલ મારફત ઓનલાઈન ગેમિંગને રેગ્યુલેટ કરવામાં આવશે. કેન્દ્ર સરકારે જણાવ્યું કે, આ પગલાંથી તમામ લિસ્ટેડ અને અન-લિસ્ટેડ કંપનીઓ પર ફોકસ કરતાં ગેમિંગ ઈન્ડસ્ટ્રીમાં પારદર્શિતા અને નિયંત્રણ વધશે. નવા બિલમાં અમુક ઓનલાઈન ગેમ્સને પ્રતિબંધિત કરવાની જોગવાઈઓ સામેલ છે. કુટેવ, નાણાકીય જોખમ અને સામાજિક અસરને પ્રોત્સાહન આપતી ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. વધુમાં સ્કિલ આધારિત ગેમ જેમ કે, ચેસ, ક્વિઝ, ઈ-સ્પોર્ટ્સે દર્શાવવાનું રહેશે કે, આ ગેમ સ્કિલ આધારિત છે કે, તક આધારિત. દરેક પ્લેટફોર્મ પર કેવાયસી અને ડેટા પ્રોટેક્શન નિયમ લાગુ કરાશે. સગીરો માટે ટાઈમ લીમિટ, ખર્ચ મર્યાદા અને પેરન્ટલ કંટ્રોલ અનિવાર્ય રહેશે. તેમજ સટ્ટાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતી બેટિંગ ગેમ્સ પર પ્રતિબંધ લાદવામાં આવશે.

આ બિલનો ઉદ્દેશ ઓનલાઈન ગેમિંગ સેક્ટર માટે નિયમો-કાયદા ઘડવા અને ગ્રાહકોને સુરક્ષિત માહોલ ઉપલબ્ધ કરાવવાનો છે. હાલ ગેમિંગ કંપનીઓ પર સ્પષ્ટ કાયદા અને નિયમનોનો અભાવ છે. જેના લીધે અનેક વખત ગ્રાહકો શોષણ અને છેતરપિંડીનો ભોગ બને છે.

## ખ-રોડથી રેલવે સ્ટેશન તરફનો માર્ગ ત્રણ મહિના માટે બંધ:મેટ્રો રેલની કામગીરી માટે ૨૫ જુલાઈથી ૨૩ ઓક્ટોબર સુધી માર્ગ બંધ રહેશે



ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ગાંધીનગરમાં મેટ્રો રેલની કામગીરી શરૂ થતા શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક નિયમન માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ત્રણ મહિના માટે ખ-રોડથી ગાંધીનગર રેલવે સ્ટેશન (સેક્ટર-૧૪) તરફ જતો માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવશે. આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.આર.શર્મા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ, આ નિયમો તા.૨૫ જુલાઈના સવારના ૬ કલાકથી તા. ૨૩ ઓક્ટોબરના રાત્રિના ૨૪ કલાક સુધી અમલમાં રહેશે. જે અન્વયે ખ-રોડ, સેક્ટર-૧૪/૧૫ (સાંઈ)ના ખૂણાથી રેલવે સ્ટેશન, ગાંધીનગર તરફ જતો (દાંડી કુટીરની બહારનો) રોડ તમામ વાહનવ્યવહાર માટે બંધ રહેશે.

સેક્ટર -૧૪/૧૫ના ખૂણાથી સેક્ટર-૧૪માં જવા માટે રેલવે સ્ટેશન તરફ જતા રસ્તા પર થોડા આગળ જતાં જે રોડ આવેલો છે, તે રોડ ખુલ્લો રહેશે.ગાંધીનગર રેલવે સ્ટેશન જવા માટે વાહનચાલકો મહાત્મા મંદિર એટીએમ ચાર રસ્તાથી દાંડી કુટીર થઈને આગળ વધીને રેલવે સ્ટેશનમાં પ્રવેશ કરી શકશે.

જાહેરનામાનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ કાયદા મુજબ શિક્ષાને પાત્ર થશે. આ નિર્ણય મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરીને સુગમ બનાવવા અને જાહેર સલામતી જાળવવાના હેતુથી લેવામાં આવ્યો છે. વાહનચાલકોને અગવડ ન પડે તે માટે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

## તંત્રી લેખ......

# કંપનીઓ દ્વારા ઈક્વિટી, બોન્ડ થકી વિક્રમી ભંડોળ એકત્ર કરાયું

ભારતીય કંપનીઓ બેંક લોનથી દૂર રહી રહીને ઈક્વિટી અને બોન્ડ માર્કેટ જેવા વૈકલ્પિક સ્ત્રોતો તરફ આગળ વધી રહી છે. કંપનીઓની બેલેન્સશીટમાં દેવું ઘટયું છે, જેના કારણે વધુ સારા મૂલ્યાંકન પર ઈક્વિટી એકત્ર કરવાની તેમની ક્ષમતામાં સુધારો થયો છે. આ ઉપરાંત, ભારતીય રિઝર્વ બેંક દ્વારા વ્યાજ દરમાં ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યા પછી, કંપનીઓ માટે ડેટ કેપિટલ માર્કેટમાંથી સસ્તા દરે લાંબા ગાળાના ભંડોળ મેળવવાનું પણ સરળ બન્યું છે.નાણાકીય વર્ષ ૨૦૨૬માં એપ્રિલથી જુલાઈના સમયગાળામાં, કંપનીઓએ બોન્ડ દ્વારા રૂ. ૪ લાખ કરોડથી વધુ એકત્ર કર્યા છે, જે નાણાકીય વર્ષના પ્રથમ ૪ મહિનામાં એકત્ર કરાયેલી સૌથી વધુ રકમ છે.આ દર્શાવે છે કે પરંપરાગત રીતે બેંક લોન દ્વારા ભંડોળ એકત્ર કરવાને બદલે બોન્ડમાંથી ભંડોળ એકત્ર કરવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. આને અનુકૂળ વ્યાજ દરો દ્વારા મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન કંપનીઓએ સ્થાનિક દેવા મૂડી બજારમાંથી બોન્ડ દ્વારા રૂ. ૨.૧૧ લાખ કરોડ એકત્ર કર્યા હતા.આ વર્ષે કંપનીઓ મોટા સોદાઓ અને ક્વોલિફાઈડ ઈન્સ્ટિટયૂશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી)માંથી ભંડોળ એકત્ર કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં, ભારતીય કંપનીઓ એ ક્યુઆઈપી દ્વારા રૂ. ૪૨,૦૦૦ કરોડથી વધુ ભંડોળ એકત્ર કર્યું છે. આ સાથે, તેઓએ આ સમયગાળા દરમિયાન મોટા સોદાઓમાંથી રૂ. ૧.૦૭ લાખ કરોડ એકત્ર કર્યા છે.

# લેઉવા પાટીદાર સમાજ યુએસએ સંમેલન



અમેરિકામાં લેઉવા પાટીદાર સમાજ યુએસએ સંમેલન યોજાયું હતું. સાયબરવેબ અને તેના સ્થાપક હિતેન ભુતાને એલપીએસને ૨૦ વર્ષના સતત સહયોગ બદલ વિશેષ સન્માન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જગદીશ પટેલ જેવા નેતાઓ,, એલપીએસ જેવી સંસ્થાઓ અને સાયબરવેબ જેવા સમર્થકો સાથે, યુએસએનો લેઉવા પટેલ સમાજ એ જીવંત પુરાવો છે કે પરંપરા અને નવીનતા સાથે મળીને વિકસી શકે છે. સંમેલન માટે દેશભરમાંથી લેઉવા પાટીદાર સમાજના ૨૦૦૦થી વધુ સભ્યો ભેગા થયા હોવાથી અમેરિકામાં હયાત રીજન્સી ડીએફડબલ્યુ એરપોર્ટ ઉજવણીનું કેન્દ્ર બન્યું હતું. મોટેલ વીમો, આરોગ્ય વીમા કાર્યક્રમો સંપત્તિ સુરક્ષા યોજનાઓ વ્યૂહાત્મક નાણાકીય રોકાણો, આરોગ્ય કાર્યક્રમો, વ્યવસાય લોન સહાય, નવીનીકરણ લોન સહાય, વ્યવસાયિક નુકસાનના દાવાઓ માટે વીમા એડજસ્ટર સેવાઓ અંગે રજૂઆત કરવામાં આવી હતી. યુવા લેઉવા ઉદ્યોગસાહસિકોએ ઉત્સાહભર્યા અને સહાયક વાતાવરણમાં પોતાના બિઝનેસ વિચારો રજૂ કર્યા. સત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વ્યવહારિક ઉપયોગો રજૂ કરવામાં આવ્યા હતા. સાયબરવેબે આ સંમેલન દરમ્યાન પોતાની સેવાઓમાં જોડાતા પરિવારો માટે એલપીએસ લાઈફ મેમ્બરશિપનું પ્રાયોજન આપવાની જાહેરાત પણ કરી હતો. સાયબરવેબે એઆઈ-સંચાલિત ટૂલ્સ, ડિજિટલ આર્કાઈવ્સ, યુવા માર્ગદર્શન પ્લેટફોર્મ્સ અને વિડિયો સ્ટોરીટેલિંગ પ્રોગ્રામ્સ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

# વલસાડની મ્યુનિસિપલ હૉસ્પિટલમાં દર્દીઓને સહાય



વલસાડ મ્યુનિસિપલ હૉસ્પિટલમાં દર્દીઓને દવા અને ગ્લુકોઝની બોટલોનું વિતરણ તા.૧૬ ઑગસ્ટે કરાયું હતું. સ્વ. મીનાબહેન કૈલાસ પાંડેની યાદમાં સ્વ. કૈલાસ પાંડે દ્વારા વર્ષો પહેલાં શરૂ થયેલા આ સેવાયજ્ઞને પાંડે પરિવાર દ્વારા આગળ વધારવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે સાંસદ ધવલ પટેલ, ભાજપ જિલ્લા પ્રમુખ હેમંત કંસારા, પંચાયત પ્રમુખ મનહર પટેલ, ધારાસભ્યો ભરત પટેલ, જીતુ ચૌધરી, અરવિંદ પટેલ, પોલીસ અધિક્ષક ડૉ. કરણરાજ વાઘેલા, કથાકાર પ્રફુલ્લ શુકલ, ભીડભંજન મંદિરના શિવજી મહારાજ, નાયબ પોલીસ અધિક્ષકો ભાર્ગવ પંડ્યા અને એ. કે. વર્મા, નગરપાલિકા પ્રમુખ માલતીબહેન ટંડેલ, બ્રિજેશ પાંડે, યજ્ઞેશ પાંડે, મનીષા ત્રિપાઠી, પ્રજ્ઞેશ પાંડે, જ્ઞાનેશ પાંડે, દિવ્યેશ પાંડે, પાંડે પરિવારના અન્ય સભ્યો, ડૉક્ટરો અને અન્ય લોકો હાજર રહ્યા હતા અથવા આશીર્વાદ પાઠવ્યા હતા.

# ચાંદખેડા મારપીટના ગુનાના આરોપીઓને કેદની સજાઃગાંધીનગર કોર્ટે ત્રણ આરોપીને દંડ અને ૧ વર્ષની સજા ફટકારી




અમદાવાદના ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારી અને હથિયારબંધીના ભંગના ગુનામાં ગાંધીનગરની એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટે ત્રણ આરોપીઓને દોષિત ઠેરવીને સજા ફટકારી છે. જેમાં એક આરોપીને એક વર્ષની કેદ , બીજા એક આરોપીને છ મહિના પંદર દિવસ તેમજ ત્રીજા આરોપીને ૧૫ દિવસની સજા ફટકારી છે.ઘટનાની વિગતો અનુસાર, તા. ૧૮/૦૯/૨૦૧૮ના રોજ રાત્રે આશરે ૮:૩૦ વાગે ચાંદખેડા વિસ્તારમાં આવેલા સત્યમ બંગલોઝના ગેટ પાસે આરોપી આર્યન કાનજીભાઈ દેસાઈએ ફરીયાદીના ભાઈ સાથે 'તારે અહીં બેસવું નહીં' બાબતે બોલાચાલી કરી હતી. જ્યારે ફરીયાદી અને અન્ય એક સાહેદ તેમને સમજાવવા ગયા ત્યારે મામલો વધુ બિચક્યો હતો.

બાદમાં આરોપી પૃથ્વીરાજ અશોકભાઈ દૈયાએ ઉશ્કેરાઈને ફરીયાદીના માથામાં લાકડાનું ટેબલ માર્યું હતું. અન્ય આરોપીઓએ ફરીયાદીના ભાઈને ગડદાપાટુનો માર મારી જાહેરમાં બીભત્સ ગાળો બોલી હતી. આ દરમિયાન આરોપી જગદીશ ઉર્ફે જગો ભીખાભાઈ રબારીએ તલવાર વડે ફરીયાદી અને તેમના ભાઈ પર હુમલો કર્યો હતો.

જેના કારણે તેમને પીઠના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જગદીશે અન્ય એક સાહેદને પણ તલવાર મારતા તેમની છાતી અને જમણા હાથના અંગૂઠા પર ઈજા થઈ હતી. ઉપરાંત જગદીશે પોલીસ કમિશ્નરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ પણ કર્યો હતો. આ ઘટના બાદ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસ ગાંધીનગરના સાતમા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ વી. જી. રણાની કોર્ટમાં ચાલી ગયો હતો. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ પ્રિતેશ ડી. વ્યાસે ફરીયાદી અને અન્ય સાક્ષીઓની તપાસ કરીને મજબૂત દલીલો રજૂ કરી હતી. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે, આવા ગુનાઓ સમાજમાં વધી રહ્યા છે અને આરોપીઓને સજા થવી અત્યંત જરૂરી છે, જેથી સમાજમાં યોગ્ય દાખલો બેસી શકે.

# અમદાવાદમાં પૂર્વ આર્મી જવાનો વીફર્યા, રસ્તા રોકતાં ચક્કાજામ



પૂર્વ સૈનિકો દ્વારા પડતર માંગણીઓને લઈ ચાલી રહેલા 'ઓપરેશન અનામત' આંદોલન આજે(૧૯ ઓગસ્ટ, ૨૦૨૫) ૨૩મો દિવસ છે. ગાંધીનગરના સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયેલા પૂર્વ સૈનિકો અને 'ગુજરાત પૂર્વ સૈનિક સંગઠન' દ્વારા સૈનિક અધિકારી મહારેલીનું આહવાન કરાયું હતું, જેમાં રેલી પહેલાં પૂર્વ સૈનિકોની બોચી પકડીને પોલીસે અટકાયત કરી છે. આ આંદોલનમાં સવારે ૫૦થી વધુ પૂર્વ સૈનિકોની અટકાયત કરી હતી. ફઅજીએ કહ્યું હતું કે મહારેલીની પરમિશન અપાઈ નથી.

ગાંધીનગરમાં પોલીસે અટકાયત કરતા તેમને છોડાવવા માટે બપોર પછી અઢી વાગ્યા આસપાસ આક્રોશમાં આવેલા ૧૦૦૦-૧૫૦૦ પૂર્વ આર્મી જવાનો અમદાવાદ આવ્યા હતા. એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજના રસ્તા રોકી લીધા હતા. જેને પગલે ક્રાઈમ બ્રાન્ચના જેસીપી, સેક્ટર ૨, ડીસીપી,એસીપી સહિતનો મોટો કાફલો પહોંચ્યો હતો. પૂર્વ સૈનિકોએ માંગ કરી છે કે ગાંધીનગર ખાતેથી જે જે પૂર્વ સૈનિકોની અટકાયત કરી હતી, તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવે.

પૂર્વ આર્મી જવાનોના આ ચક્કાજામને પગલે અમદાવાદ એરપોર્ટ દ્વારા પેસેન્જર્સ માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, સમયસર એરપોર્ટ પહોંચવા માટે વહેલાસર નીકળી જવું.

ગુજરાત પૂર્વ સૈનિક સંગઠનના પ્રમુખ જીતેન્દ્ર નિમાવતની મુક્તિની પણ તેઓ માંગ કરી રહ્યા છે. તેમનો આક્ષેપ છે કે શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહેલા પૂર્વ સૈનિકોને પોલીસે ડિટેઈન કર્યા છે. જ્યાં સુધી તેમના નેતાઓને મુક્ત કરવામાં નહીં આવે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે. તેમજ ચીમકી ઉચ્ચારી છે કે, પૂર્વ સૈનિક સંગઠનના પ્રમુખ જીતેન્દ્ર નિમાવતને છોડવામાં ન આવે ત્યાં સુધી આંદોલન કરવામાં આવશે. તેમજ તેને તાત્કાલિક મુક્ત કરાવવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું. શરૂઆતમાં એરપોર્ટ સર્કલ પર પૂર્વ સૈનિકોએ ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો. ૨૦૦થી પણ વધુ પૂર્વ સૈનિકોએ રસ્તા પર બેસીને 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા લગાવ્યા હતા. આ ચક્કાજામના કારણે એરપોર્ટ પર આવતા-જતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને બે કિલોમીટર સુધીનો લાંબો ટ્રાફિક જામ થયો હતો.

પૂર્વ આર્મી જવાનોનો રોષ જોઇને પોલીસે મામલો થાળે પાડવાના પ્રયાસો શરૂ કર્યા અને પૂર્વ આર્મી જવાનોને સમજાવીને ઊભા કર્યા હતા. ત્યાર બાદ ઘણાં પૂર્વ આર્મી જવાનોની અટકાયત કરવામાં આવી હતી. પૂર્વ આર્મી જવાનો જબરજસ્તીથી પોલીસની ગાડીમાં ઘૂસી અટકાયત કરેલા લોકોને બહાર કાઢી લાવ્યા હતા. આ સમયે ઘર્ષણ પણ થયું હતું. જો કે પોલીસે નમતું જોખીને ક્રાઈમ જેસીપી દ્વારા અટકાયત કરાયેલા પૂર્વ આર્મી જવાનોને ગાડીમાં જાતે જ બહાર કાઢવા પડ્યા હતા.

ત્યાર બાદ પોલીસે પૂર્વ સૈનિકો સાથે વાતચીત કરી અને સમજાવીને પરત વાળ્યા હતા. તેમજ પોલીસે અટકાયત કરેલા લોકોને છોડવા પડ્યા હતા. આમ પૂર્વ સૈનિકો સામે પોલીસ પણ નરમ પડી હતી.

# લ્યુકેમિયા - ૦૬ કેવી રીતે કહું?

મારા હૃદય ઉપર પથરો પડ્યો હોય એમ હું હલી ગયો. મારી આંખો જ્વલન જ્વાળાએ સળગી ઊઠી. હૃદય ચિર પીડામાં ગરકાવ થઈ ગયું. આગળ કોઈ પ્રશ્ન કરી શકું એવી હિંમત નહોતી એટલે હું ચૂપ રહ્યો. બસ એક પ્રશ્ન પૂછવાનું મન થયું એટલે પૂછ્યો,

"ડૉક્ટર, અમારનો જીવ તો બચી જશે ને?"

"એ હું કહી ન શકું પણ જો યોગ્ય સમય ઉપર બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે તો એનો જીવ બચી શકે છે."

"એ યોગ્ય સમય કેટલો દૂર છે?" મેં ખૂબ ગંભીરતાથી પ્રશ્ન પૂછ્યો.

"ત્રણ મહિના, છ મહિના, બાર મહિના, દોઢ વર્ષ વચ્ચેનો સમય યોગ્ય રહી શકે છે."

"પણ આમાંથી કેવી રીતે ખબર પડશે કે કયો સમય યોગ્ય છે?" મેં એક જ શ્વાસે પૂછી લીધું.

"એ અમારનો રિપોર્ટ કરતાં ખબર પડશે!"

"પણ આપે રિપોર્ટ તો કરી લીધો છે ને? હજુ કોઈ રિપોર્ટ કરવાનો બાકી છે?"

"હા પણ અન્ય બીજા રિપોર્ટ કરવા પડશે!"

ડૉક્ટર ઈશાનનો અવાજ હજુ પણ ક્યાંક ક્યાંક મને રોબોટિક લાગી રહ્યો હતો. હું વધારે કંઈ વિચારી શકું એવા માઈન્ડ ઓફ સ્ટેટમાં નહોતો. હું ખુરશીમાંથી ઊભો થયો. ડૉક્ટરે મારા




ખભા ઉપર હાથ મૂક્યો અને હું પાછળ ફરતાં એમને ભેટી પડ્યો. ડૉક્ટરે મારા માથામાં હાથ ફેરવ્યો અને હું બોલી પડ્યો,

"૩-૫ કરોડ થશે?"

"હા, એથી વધારે પણ થઈ શકે છે."

તેમના આ શબ્દોના બદલામાં કહેવા માટે મારી પાસે અન્ય કશુજ નહોતું. હું ચૂપચાપ એમની તરફ જોઈ રહ્યો. એમણે મને કહ્યું,

"અમારને લેબમાં લઈ જાઓ, તેના અન્ય રિપોર્ટ ત્યાં થશે..."

હું માથું હલાવતાં કેબિનની બહાર આવી ગયો...

ડૉક્ટર ઈશાનની કેબીનમાંથી જેવો બહાર આવ્યો કે મારી નજર સીધી સિતારા સાથે રમતા મારા દીકરા અમાર પર પડી. મારો ચહેરો એકદમ સફેદ પડી ગયો હતો, જાણે વર્ષોથી ખીલ્યો જ ના હોય એમ મૂરજાઈ ગયો હતો.

નજર સામે અમારને જોઈને આંખો પૂરી રીતે ભીંજાઈ ગઈ, રોકવા છતાં તે વહેવા લાગી. એકાએક સિતારાની નજર મારી ઉપર પડી. હું પાછળ તરફ ફરી ગયો અને મેં મારી ભીની આંખોને લૂછી લીધી. હૃદયમાં અસહ્ય પીડા થઈ રહી હતી, એવું લાગતું હતું કે હમણાં જ મારું હૃદય એની ઉપર જ હુમલો કરી દેશે!

મન કરી રહ્યું હતું કે ધરતી ખુલી જાય તો અંદર જ સમાઈ જાઉં પણ હિંમત કરી, બે મુઠ્ઠી વાળી, હાથની આંગળીના ટેરવે ફરી આંખો લૂછી. એટલામાં સિતારા ઊભી થઈને મારી પાસે આવી. ખભા ઉપર હાથ મૂક્યો 'ને પૂછવા લાગી,

"તમે ઠીક છો?"

પહેલાં તો હું ચોંક્યો પણ પછી મેં વિવેક સાથે જવાબ આપ્યો, "હા બધું એકદમ ઠીક છે."

મારા અવાજમાં ક્યાંક નરમાશ હતી. જે સિતારા જાણી ગઈ પણ તેણે ફરી એ જ પ્રશ્ન કર્યો, "શિવ, આપ ઠીક છો?"

"કહ્યું તો ખરા, કે બધું એકદમ ઠીક છે. એકના એક પ્રશ્ન વારંવાર પૂછવાથી જવાબ બદલાઈ જવાનો નથી." મેં ગુસ્સાથી જવાબ આપ્યો.

સિતારાએ મારા ઝુકેલા ચહેરાને એના બે હાથ વડે ઉપર કર્યો. મારી આંખોમાં થઈ રહેલી પીડાને લીધે આંખો લાલ થઈ ગઈ હતી. જે તેણે જોઈ લીધી અને ફરી પૂછ્યું, "બધું બરાબર છે પણ તમે બરાબર નથી. ફરીવાર પૂછું છું, બોલો આપ ઠીક છો?"

"ના... હું ઠીક નથી." એકવાર તો મનમાં બબડી પડ્યો પણ સિતારાની આંખમાં એક આશ જોઈને હું એ સમયે તો કંઈ વિચારી ના શક્યો 'ને એકજ ઝટકે બોલી પડ્યો, "બધું બરાબર છે અને હા હું પણ બરાબર છું."

મારી વાત ઉપર સિતારાને વિશ્વાસ કરવાનું મન નહોતું થઈ રહ્યું પણ તે કશું બોલી નહિ. હું અમાર પાસે ગયો અને તેની તરફ હાથ લંબાવતા એટલું જ બોલી શક્યો,

"ચાલ અમાર!"

"ઘરે જઈશુંને પપ્પા હવે? મારે આજે સ્કૂલ પણ બગડી છે."

એ માસુમના પ્રશ્નના જવાબમાં શું કહું એ મને સમજાઈ રહ્યું નહોતું. હું ચૂપચાપ એની માસુમ આંખોમાં જોઈ રહ્યો. મેં એનો હાથ પકડ્યો અને કહ્યું,

"બેટા, તારા થોડાક રિપોર્ટ કરાવવાના છે. રિપોર્ટ કરાવ્યા પછી તું નિરાંતે સ્કૂલ જજે."

"અમાર એકદમ ઠીક છે, એ ડૉક્ટરના કહ્યા પ્રમાણે પૈસાનું પાણી ના કરો." સિતારા એક જ ઝાટકે ગુસ્સાથી બોલી.

એ માસૂમને શું કહેવું! હું થોડાક સમય માટે તો એ જ વિચારોમાં રહ્યો. સિતારાએ અમારનો હાથ પકડી લીધો અને લઈને ચાલવા લાગી. મેં એને રોકતાં કહ્યું,

"આપણે અમારના રિપોર્ટ કરાવીને જ જઈશું."

"પણ અમાર એકદમ ઠીક છે. શેના રિપોર્ટ કરાવવાના છે હજુ?"

"એ તને હું જણાવીશ પણ અત્યારે તું અડચણ ઊભી ન કર."

"હું અડચણ ઊભી કરી રહી છું? ડૉકટરનું મગજ તો ફરી ગયું છે અને એના વાદે તમારું પણ ચસ્ક્યું લાગે છે."

માસૂમ સિતારાને કેમ કરીને કહેવું કે એ જે ડૉકટરને મગજ વગરનો કહી રહી છે એ જ અમારા લાડલાને બચાવી શકે છે. કેમ કરીને એને કહેવું કે જે દિકરાની સલામતી માટે એ રોજ પ્રાર્થના કરે છે, એ દીકરો હવે કેટલા દિવસનો મહેમાન છે! કેવી રીતે એને કહેવું કે આ રિપોર્ટ કરાવવા કેટલા જરૂરી છે?

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: SSNO:153**
વિષયઃ"તમન્ના"
શીર્ષકઃ" પાંદડું લીલું ને રંગ રાતો."
પ્રકારઃગધ્ય. શબ્દોઃ૪૨૯

શું જમાનો હતો.કાંઈજ કર્યુ નહતું તેનો રંજ હતો,કાંઈક કરવું હતું તેની તમન્ના હતી.૧૧માં ધોરણની પરિક્ષા પાસ કરી કોલેજમાં આવ્યાં અને મારું મન મોરલાની જેમ થનગનાટ કરવાં લાગ્યું. અને સારી ઢેલ શોધવાની તમન્ના જાગી.

સ્કુટર અને ગાડીનાં હોર્ન વચ્ચે મારી સાયકલની ઘંટડી કોઈ કોલેજની સુકન્યાને સંભળાઈ નહીં અને મારે મારાં તમન્ના અને થનગનાટને સાયકલનાં કેરીયર પર બેસાડી દેવો પડ્યો. એફ.વાય.બીકોમની પરિક્ષા પછી તરતજ ફાધરનાં મૃત્યુનાં બેઈજ પર મને બેન્કમાં જોબ મળી ગઈ અને મારો મનમોરલો કોલેજમાં કન્યાની આવાનજાવન નો હિસાબ રાખવા ને બદલે બેન્કમાં રુપિયા પૈસાનો હિસાબ રાખવાં માંડયો.બેન્કમાં જોબ મળવાંને કારણે મેરેજ માર્કેટમાં મારું વજન પડવાં માંડ્યું. અને સાયકલ ની કેરીયર પર બેસાડેલ મેરેજ ની તમન્ના ને હું મેઈન સીટ પર લાવ્યો. કાકાનાં એક મિત્ર એ તેમનાં મિત્રની દિકરી માટે માંગું નાંખ્યું.

હોમસાયન્સ પાસ એ છોકરી મારાં હોમ ને સાયન્સનો ઉપયોગ કરી રોમ બનાવી દેશે એ આશા સાથે અમે તેની સાથે વેવીશાળ કર્યું અને મોરલાં નાં થનગનાટનો વે વિશાળ થયો.લીલાં પાન જેવાં તેનાં મનનો પડછાયો તેનાં રાતા ગાલ પર પડવાં લાગ્યો અને અમે ગાવાં લાગ્યા પાંદડું લીલું ને રંગ રાતો.

બે વર્ષમાં દિકરીની મા બન્યાં પછી લીલું મન જરા પોપટી બન્યું અને અમે પણ મોર માંથી પોપટ બન્યાં.

બીજાં અઢી વર્ષ પછી દિકરાંની મા બન્યાં પછી પોપટી કલર જરાં પીળો બન્યો અને અમે પોપટમાંથી ચકલાં બન્યાં.જે ચણ તેઓ નાંખે તે ચણતાં રહ્યાં ને અમે લોકોમાં આઝાદીનાં ગીત ગાતાં રહ્યાં.

ત્રણ લર્ષ પછી દિકરી પહેલાં માં અને દિકરો નર્સરીમાં આવ્યો.આવક-જાવકનાં ટાંટીયાં મેળવવાં અમે બે જણ જોબ કરતાં.ચકલો ચોખાનો દાણો લાવતો અને ચકલી દાળનો દાણો લાવતી ને બે જણ ભેગાં મળી ને ખીચડી બનાવતાં.પીળો કલર ક્યારે રાખોડી થઈ ગયો તેની અમને ખબર જ ના પડી.અને અમે અમારાં દિકરાંઓ માટે ગુલાબી સ્વપ્નાંઓ જોવાં માંડ્યાં.મહિને એક વખત જયારે એફ.ડી. અને પોસ્ટનું કામ કરુ,તેનાં કમીશનનાં ૨૦૦-૩૦૦ રુપીયા આવે ત્યારે છોકરાંઓને હેવમોરમાં લઈ જઉં.બે ચકલી માટે એક ચણાંપુરી અને બે ચકલાં માટે એક કટલેસ મંગાવતાં,અને છેલ્લે બધાં વચ્ચે એક કસાટા તો ખરો જ.૧૦૦ રુપીયામાં તો ભયો ભયો થઈ જતો.

છોકરાંઓની અમર્યાદિત જરુરીયાત સામે અમારી મર્યાદિત આવક કાયમ કબ્બડી રમતાં.

તેમ કરતાં કરતાં છોકરાંઓ પરણીને ઠેકાણે પડી ગયાં.મેં વિચાર્યું કે ચાલો મેક અપ કરીને ફરીથી ગીત ગાઈએ પાંદડું વીલું ને રંગ રાતો.

ત્યાં તો બીજી ઈનીંગ્સ શરુ થઈ ગઈ.દિકરીનાં ઘરે દિકરો આવ્યો ને અમે પપ્પામાંથી નાના બન્યાં.પછી દિકરાંનાં ત્યાં દિકરો અને પછી બંન્ને નાં ત્યાં બીજાં એક એક દિકરાં.પૌત્રૌનાં ભવિષ્ય માટે અમે વર્તમાનમાં વધારે મહેનત કરવાં માડ્યાં.

પૌત્રૌનાં રતુમડાં ગાલ જોઈ આજે પણ તેમનાં સારાં ભવિષ્ય ની તમન્ના અમારાં દિલ માં ફૂટે છે અને અમે એજ ગીત ગાઈએ છીએ પાંદડું લીલુને રંગ રાતો.

જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)

**NG: NOGGS:226**
વિષયઃ-તમન્ના
શિર્ષકઃ-તો કેવું સારું રચનાઃ- પદ્ય શબ્દોઃ-૧૦૨

?સંતાનો સંગ ઘર્ષણ ન થાય તો કેવું સારું!
ઘર્ષણ થાય ને દિલડાં દુભાય એ છે સારું?

બે પેઢીઓ વચ્ચે વિચારોનું અંતર ન સારું.
એકબીજા બાંધછોડ કરી સંગ રહે તે સારું!

ઘેર ઘેર થતા કજીયા કંકાસો ટાળો તે સારું.
મનમેળ રાખી સૌ સંપીને રહે તો કેવું સારું!

વિચારોની ખેંચતાણો ન થાય તો ઘણું સારું.
ઘરમાં સૌની આમાન્યાઓ જાળવે તો સારું!

સંતાનોનું સુખચેન અકબંધ રહેશે તો સારું.
વડીલોનું માન સદાય જળવાઈ રહે તો સારું.

યુવાનોના વિચાર પ્રોત્સાહિત કરો તો સારું.
વૃદ્ધોનાં વિચારોનું અનુકરણ કરો તો સારું!

સૌ કુટુંબીજનો સંપીને સદાય રહે તો સારું.
સર્વે વૃદ્ધાશ્રમોનો વિલય જ કરાય તો સારું!

સુભાષ ઉપાધ્યાય ‘મેહુલ’(અમેરિકા)

**NG: NOG SS NO:- 364**
વિષયઃ- તમન્ના
શીર્ષકઃ-"મળે ના મળે"
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૧૫૧

આવો, મહોબ્બત કરી લઈએ, ફરી આ "સમય" મળે ના મળે.
બેઉની આભા વિસ્તારી લઈએ,ફરી આ "વલય" મળે ના મળે.

ચાલ, હૈયાંની વાતો કરી લઈએ, ફરી આ "પ્રણય" મળે ના મળે,
થોડાં થોડાં તોફાન કરી લઈએ, ફરી આ "પ્રલય" મળે ના મળે.

મીઠી મહેકની આપલે કરી લઈએ,ફરી આ "મલય" મળે ના મળે,
બિન્દાસ્ત જીવન જીવી લઈએ,ફરી આ "અભય" મળે ના મળે.

ભવસંગ્રામમમાં સંગે લડી લઈએ,ફરી આ "વિજય" મળે ના મળે,
ભરી સભામાં ગઝલ રજૂ કરી દઈએ,ફરી આ "કવય" મળે ના મળે.

આ હૈયાંની ઉર્મિઓ. ઠાલવીએ,ફરી આ "હૃદય" મળે ના મળે.
બેઉ મળીને ખુશી માણી લઈએ,ફરી આ "ઉભય" મળે ના મળે.

જય માટે મથામણ કરીએ,ફરી આ "અજય" મળે ના મળે,
હરિને મનથી ભાવે ભજી લઈએ,ફરી આ "હરય" મળે ના મળે.

સાથે મળીને બંને રમી લઈએ, ફરી આ "તનય" મળે ના મળે,
"પંકજ"- પત્ર પર તમન્ના" ઉતારી લઈએ,ફરી આ "પ્રજ્ઞય" મળે ના મળે.

મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.

**NG: NOG SS NO 167**
વિષયઃ-"તમન્ના"
શિર્ષકઃ- "ઈશ તારો અણસાર"
પ્રકાર :-પદ્ય....શબ્દોઃ-૮૧"

ઈશ તારો અણસાર વર્તાય, તો જાણું તને,
શિલા નથી તું, બહાર દેખાય તો માનું તને.

તારા મૌનથી, નીરવ શાંતિ ભલે પથરાય,
સુદર્શનચક્ર જો સમજાય, તો પામું તને.

ગરીબ હોય કે અમીર, સૌને સરખો મળે,
ગરીબની ઝૂંપડી છલકાય, તો પૂજું તને.

કણ કણ માં વસી રહ્યો, ઈશ તારો પ્રતાપ,
દરેકનાં હૃદયમાં સમાય, તો સમજું તને.

આકાર, નિરાકારમાં તું સઘળે તો મળે છો,
ધ્વનિ તરંગો જો પડઘાય, તો સાંભળું તને.

નરેન્દ્ર ત્રિવેદી.

**NG: NOG SS NO : 401**
વિષય : તમન્ના
શીર્ષકઃ એક તમન્ના
પ્રકાર : પદ્ય
શબ્દ : ૮૮

જેની પાસે કઈ જ નથી ,
તેને પણ કંઈક પામવાની તમન્ના હશે ને ?
મેળા માં ખૂણા પર ભીખ માંગતા ,
તેને પણ ચકડોળ માં બેસવાની તમન્ના હશે ને ?
વરસાદ ના ટીપાં થી ભરતા ઘર ,
તેને પણ ગગનચુંબી ઈમારત ની તમન્ના હશે ને ?
દિવસ માં જે એક જ વાર જમતા ,
તેને પણ ૩ ટાઈમ જમવાની તમન્ના હશે ને ?
હે પ્રભુ ! તે મને ઘણું આપ્યું છે ,
મારા નસીબ નું થોડું જેને જરૂર હોય તેને આપજે,
મારી આ એક તમન્ના તમને ગમશે ને ... ???

ગોહિલ દેવ્યાનીબા " દેવપ્રિયા "
વરતેજ

**NG: NOGSS NO:158**
વિષયઃ તમન્ના
શીર્ષકઃતારી પ્યાસ
પ્રકાર : પદ્ય શબ્દોઃ૯૪

તમન્ના ઘણી હતી તારાં દિદાર તણી,
મારા નસીબમાં તો આવી તન્હાઈ;
વરસી નહીં પણ એક તારી પ્યાસ,
એક માત્ર તુ ને તું જ મારો શ્વાસ!

દૂર છું તારાથી તારી તસવીરથી ખુશ,
તારી સાથે નથી તારી યાદોથી ખુશ;
પગદંડી પૂરીને પગલાં જ રહી ગયાં,
મળવાના મનેખા મનમાં જ રહી ગયાં!

ઝંખનાની ઝૂંપડીમાં એક પણ બારી નથી,
દિવસે તડકો નથી અને રાત અંધારી નથી;
’પ્રેમ’ દૂર રહી શકાય એવી હિંમત નથી,
તારી
પાસે રહી શકાય એવી કિસ્મત નથી!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ ’પ્રેમ’
આદરીયાણા (સુરેન્દ્રનગર)

**NG: NOG SS NO 166**
વિષય :-"તમન્ના"
શિર્ષક :- મારી તમન્ના છે કે"
પ્રકાર :-પદ્ય. શબ્દોઃ-૯૪

મારી તમન્ના છે કે તારી સાથે કાયમ મુલાકાત થતી રહે,
તારી સાથે નજર મળે, મને પ્રેમની ભાષા સમજાતી રહે.

મારી તમન્ના છે કે મારા દિલનો દ્વાર ખટખટાવતી જ રહે,
તને હૃદયમાં સમાવીને, મારી ધડકનનો તાલ મળતો રહે.

મારી તમન્ના છે કે તારી પ્રેમ સરિતાનો પ્રવાહ વહેતો રહે,
મારા પ્રેમના સાગરમાં હમેશા, તારૂં મધુર મિલન થતું રહે.

મારી તમન્ના છે કે તું મારી પ્રેમની દેવી બનીને સાથે રહે,
આજીવન તારા જ પ્રેમની, મારાથી આરાધના થતી રહે.

મારી તમન્ના છે કે રાતભર તારાઓની મહેફિલ ચાલુ રહે,
"મુરલી"ની મધુર ધુન સંગે તું મહેફિલમાં રંગત લાવતી રહે.

રચનાઃ-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

**NG: NOGSS NO : 161**
વિષય : તમન્ના
શિર્ષક : તું જ તારો અરીસો
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૧૦૬

જરા તું મનની આંખો ખોલ ઓ મનવા,
તું જ તારો અરીસો
ખેલ ખેલીને ના જા વમળમાં
એવી તમન્ના રાખ જીવનમાં
તું જ તારો અરીસો!

ભીતરનાં તપ્ત સૂરજને
ઓળખી જા જરા ઓ મનવા!
સૂરજની પાછળ જરા ડોકિયું જો કરે
તું જ તારો ચાંદલિયો છું!
મનમોતી જો લાગે કાચ તો સમજીને
એવી તમન્ના રાખ જીવનમાં!
તું જ તારો અરીસો!
માયા મળ્યા પછી આ કાયાને જો જરા
ચીંથરે વિટેલુ એક રતન તું છે મનવા!
છોડે બધી જો માયાજાળ જરાતરા તો
તું જ તારો કિરતાર છે
થાય જો ધુંધળી નજર તો સમજીને
એવી તમન્ના રાખ જીવનમાં
તું જ તારો અરીસો!.

◦ગ્રીષ્મા પંડ્યા ◦◦

**NG: NOGSS NO: 188**
વિષય : " તમન્ના "
શીર્ષક : " તમન્ના લખવાની "
પ્રકાર : પદ્ય (અછાંદસ) - શબ્દો : ૭૦

છે તમન્ના લખવાની, પણ લખાતું નથી.
કહેવું છે મારેય ઘણું પણ કહેવાતું નથી.

ન જાણે કેવી રીતે વીતી રહી છે જિંદગી,
સાહેબ, હવે નથી જીવાતું કે મરાતું નથી.

વહેતો હતો કદી ઝરણાં ને નદીની માફક,
ને, એક હદથી વધારે હવે વિસ્તરાતું નથી.

અનંત ને અખંડ થઈ ગયાં છે અંધીયારા,
દૂર સુધી આશાનું એક કિરણ દેખાતું નથી.

ઘૂંટાતું રહ્યું છે દર્દ બધુંય હૃદયમાં "વ્યોમ"
એક કવનમાં એ બધું જ દર્શાવાતું નથી.

વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

# ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાત ૦૬ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં ત્રીજા ક્રમે : વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં તા. ૦૪ જૂન થી ૧૮ ઓગષ્ટ-૨૦૨૫ સુધીમાં ત્રીજા નંબરે સૌથી વધુ ૬.૦૫ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યના ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન-રેકોર્ડ સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૩૨.૫૧ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ જ્યારે ૦૮ કરોડ સાથે રાજસ્થાન બીજા ક્રમે છે. આગામી સમયમાં સૌના સાથ સહકારથી આ અભિયાન હેઠળ કુલ ૧૦ કરોડથી વધુ વૃક્ષારોપણનો લક્ષ્યાંક સિદ્ધ કરવાનું ગુજરાત સરકારનું આયોજન છે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું.

પ્રકૃતિની સાથે પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનમાં દેશમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. વૃક્ષો થકી પર્યાવરણના જતન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગત વર્ષ ૨૦૨૪માં ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ તા. ૫ જૂન નિમિતે ‘એક પેડ મા કે નામ’ રાષ્ટ્રવ્યાપી અભિયાનનો પ્રથમવાર શુભારંભ કરવામાં આવ્યો હતો. આજે સાચા અર્થમાં ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં આ ‘જન અભિયાન’ પ્રસ્થાપિત થયું છે. ગુજરાતમાં પણ પર્યાવરણની જાળવણી માટે દર વર્ષે ચોમાસાની ઋતુમાં વિવિધ સ્થળોએ રાજ્ય સરકાર દ્વારા ‘વન મહોત્સવ’નું આયોજન કરવામાં આવે છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

વન મંત્રી શ્રી મુળુભાઈએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત વાવવામાં આવેલા વૃક્ષો આગામી સમયમાં દેશભરની માનવ જીવન-વન્યજીવ સૃષ્ટિના રહેઠાણ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ સાથે ‘એક પેડ મા કે નામ’ અભિયાન હેઠળ જૂન થી ઓગષ્ટ-૨૦૨૫ દરમિયાન આજ સુધીમાં દેશના ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૬૨ કરોડથી વધુ વૃક્ષો વાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે.

વન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના પર્યાવરણલક્ષી ‘એક પેડ મા કે નામ’ અભિયાનનો ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગરથી પોતાના માતાના નામે એક વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં સહભાગી થઈને ગુજરાતના મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમી નાગરિકોએ પોતાની માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાની કાળજી લઈ રહ્યા છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન બાદ સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડથી વધુ વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશના અગ્રેસર રાજ્યોમાંથી એક છે તેમ કહી શકાય. આ સિદ્ધિ સૌ પર્યાવરણ પ્રેમી ગુજરાતીઓને આભારી છે તેમ જણાવી મંત્રીશ્રીએ આ અભિયાનમાં વધુમાં વધુ પર્યાવરણ પ્રેમી નાગરિકોને સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

વન રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે આ અભિયાન હેઠળ વિવિધ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં થયેલા વૃક્ષારોપણની વધુ વિગતો આપતાં કહ્યું કે, તા. ૧૮ ઓગષ્ટ-૨૦૨૫ની સ્થિતિએ ગ્રામીણ વિસ્તારમાં ૫.૫૬ કરોડ જ્યારે શહેરી વિસ્તારમાં ૪૯ લાખ વૃક્ષો વાવવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ કુલ ૬૧ લાખ વૃક્ષારોપણ સાથે રણ-સરહદી વિસ્તારની ઓળખ ધરાવતો બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ નંબર પર છે. આ સિવાય વૃક્ષારોપણમાં અનુક્રમે તાપી જિલ્લામાં ૪૮ લાખથી વધુ, પંચમહાલમાં ૪૩ લાખથી વધુ, વલસાડમાં ૪૧ લાખથી વધુ, સાબરકાંઠામાં ૪૦ લાખથી વધુ જ્યારે ડાંગમાં ૩૫ લાખથી વધુ એમ કુલ ૩૩ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર મળીને કુલ ૦૬.૦૫ કરોડથી વધુ વૃક્ષો ‘એક પેડ મા કે નામ’ અભિયાનમાં વાવવામાં આવ્યા છે.

વન વિભાગના સહયોગથી શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતો, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વૃક્ષ પ્રેમી નાગરિકો સ્વયંભૂ સહભાગી થઈને પોતાની માતાની યાદમાં પસંદગીનું વૃક્ષ વાવીને ગુજરાતમાં જન ભાગીદારી થકી ગ્રીન કવરમાં વધારો કરવા પોતાનું અમૂલ્ય પ્રદાન આપ્યું છે તેમ, મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું.

# શાળા પરિવહન યોજના:શાળામાં સરકારે કોમર્શિયલ વાહન ફરજિયાત કર્યા બાદ લાભાર્થી છાત્રોની સંખ્યામાં ૩૭ ટકાનો ઘટાડો



સરકારે શાળા પરિવહન યોજનામાં કોમર્શિયલ વાહન ફરજિયાત કર્યા બાદ પાટણ જિલ્લામાં સરકારી પરિવારમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩૭ ટકા નો ઘટાડો થયો છે.આ વર્ષે બાલવાટિકા થી ધોરણ ૧૨ સુધી શાળા પરિવહન યોજનામાં ઘરથી શાળા સુધી આવવા જવા માટે ૩,૫૬૯ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. બાળક દીઠ ભાડું વધ્યું છતાં નવા નિયમોને લઈ વાહન માલિકો વર્ધીથી દૂર રહેતા લાભાર્થી છાત્રોની સંખ્યા ઘટી રહી છે.શાળાથી દૂર રહેતા બાળકો ડ્રોપ આઉટ ન થાય તે માટે રાજ્ય સરકારે શાળા પરિવહન યોજના મારફતે બાળકો અપડાઉન કરી શકે તે માટે ઘરથી શાળા સુધી લઈ જવા અને પરત ઘરે પહોંચાડવા માટે સરકારી અને ગ્રાન્ટેડ શાળાનાં વિદ્યાર્થીઓ માટે વાહન ભાડાની વ્યવસ્થા કરેલી છે.

જેમાં બે વર્ષ પહેલાં વર્ષ ૨૦૨૩-૨૪ માં આ યોજનાનો ૫૭૩૭ વિદ્યાર્થીઓ લાભ લેતા હતા. પરંતુ બે વર્ષથી આ યોજનામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે. ગયા વર્ષે ૩૦૭૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો અને આ વખતે ૩૫૬૯ વિદ્યાર્થીઓએ લાભ લીધેલો છે. જેમાં બાલવાટિકાના ૧૫૦ ધોરણ ૧થી ૮નાં ૩૧૬૩ અને ૯થી ૧૨નાં ૨૫૬ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

ટ્રાન્સપોર્ટેશન યોજનામાં બાલવાટિકા થી પાંચ નાં શાળાથી એક કિલો મીટર થી દૂર રહેતા બાળકોને શાળાએ અપડાઉન માટે એસએમસી ગ્રાન્ટ માંથી માન્ય કોમર્શિયલ વાહનને પ્રતિ બાળક દીઠ માસિક રૂ ૬૦૦ ચૂકવાય છે. ધો છ થી આઠ નાં શાળાથી ત્રણ કિમી થી દૂર નાં અંતરે રહેતાં બાળક નાં રૂ ૬૦૦ ચૂકવાય છે.જ્યારે ધો ૯ થી ૧૨ નાં પાંચ કિ.મી થી દૂર રહેતાં બાળક નાં માસિક રૂ ૬૦૦ ચૂકવાય છે. અગાઉ આ યોજનામાં બાળક દીઠ માસિક રૂ ૪૫૦ ચૂકવાતા હતા ત્યારબાદ વધારી રૂ ૫૦૦ કરાયા હતા અને હવે રૂ ૬૦૦ કરવામાં આવ્યા છે.

જોકે બાળકોની સલામતીને ધ્યાને રાખી છેલ્લા બે વર્ષથી શાળા પરિવહન?યોજનાની ગાઈડ લાઈન કડક બનાવવામાં આવી છે. જેમાં પીડી નંબર પ્લેટ નું?વાહન હોય વ્હિકલ ટ્રેકિંગ સિસ્ટમમાં ઓનલાઈન એન્ટ્રી પ્રમાણે ચુકવણું?આરટીઓ ની ગાઈડલાઈન પ્રમાણે બાળકો બેસાડી શકાશે દરેક વાહન માત્ર?બે ફેરા જ કરી શકશે દરેક વાહનમાં ફાયર સેફટી ની બોટલ પ્રાથમિક?સારવારની પેટી સહિતની સુવિધાઓ ધરાવતા વાહનની દરખાસ્તને શિક્ષણ?વિભાગ મંજૂરી આપી શકે છે.



કાંદિવલી પશ્ચિમમાં આવેલી કાંદિવલી રિક્રિયેશન ક્લબ (કેઆરસી) દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી રહી. પ્રાંગણમાં જોઈન્ટ સેક્રેટરી પ્રશાંત દીવાને ધ્વજ ફરકાવ્યો હતો. આ પ્રસંગે પ્રમુખ સંજય શાહ, કેઆરસીના અન્ય સભ્યો અને સ્ટાફ હાજર રહ્યો હતો. દેશભક્તિના ગીત ગવાયા હતા અને દેશભાવનાના નારા લગાવ્યા હતા તેમ જ શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

# ગાંધીનગર જિલ્લાના દેહગામ,માણસા, કલોલ તાલુકા અલગ ગામો ના પીએચસી અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વૃક્ષારોપણ કાર્યક્રમ મો યોજવામાં આવ્યા હતા



કલેકટર શ્રી ના માર્ગદર્શન હેઠળ અને તેમની પ્રેરણાથી ગાંધીનગર જિલ્લાના દેહગામ,માણસા, કલોલ તાલુકા અલગ ગામો ના પીએચસી અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં અલગ અલગ વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યકર્મ કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગરને હરિયાળુ બનાવવા માટે નાગરિકોથી લઈને તંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મોટાપાયે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવી રહ્યું છે.ત્યારે ગાંધીનગરના સામૂહિક આરોગ્ય કેન્દ્રો દ્વારા અનોખુ વૃક્ષારોપણ અભિયાન હાથ ધર્યું છે. જેમાં વિવિધ પ્રકારના છોડ બોરસલી, જાંબુ, દાડમ, લીમડો ,આસોપાલવ, આમળા, સરગવો, કરણ જેવા વિવિધ પ્રકારના છોડ વાવી આરોગ્ય કર્મીઓને ઉછેરવાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી.



લાયન્સ ક્લબ્સ ઓફ અમદાવાદ જોધપુર હિલ,ફોર્ટ, નોબલ,ગાયત્રી પરિવાર નારણપુરા,રોયલ કલા એન્ડ કલ્ચર સંગમ ઓફ ઈન્ડિયા,તથા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વાત્સલ્ય સિનિયર સિટીઝન હોમના સંયુક્ત ઉપક્રમે કૃષ્ણ જન્માષ્ટમી પર્વ નિમિત્તે ઉજવણી ભજન-ગીત સંગીતમય માહોલમાં તા.૧૩/૦૮/૨૫,બુધવારે સમય બપોરે ૨-૩૦ૅદ્ઘ થી ૮.૦૦ૅદ્ઘ સ્થળઃ- ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી-વાત્સલ્ય સિનિયર સિટીઝન હોમ,વાડજસર્કલ,વાડજ,અમદાવાદ ખાતે વડીલોની વચ્ચે આનંદ શ્રધ્ધાપૂર્વક ભવ્ય ઉજવણી દરમ્યાન× ૩.૦૦ થી ૬.૦૦ હાઈટી ૪.૩૦ થી ૫.૩૦.(હળવો નાસ્તો,ચા કોફી) વૃક્ષારોપણ, રાધા ક્રિષ્ના બનેલ બાળકોને પ્રાઈઝ ડિસ્ટ્રિબ્યુશન તથા બહુચર મંડળની બહેનોને ગિફ્ટ .૬.૦૦ સિનિયર સિટીઝન હોમમાં રહેતા વડીલો માટે કેરમ બોર્ડનું અનુદાન વર્ષાબેન શાહ તરફથી આપવામાં આવ્યું હતું કૃષ્ણજન્મ મહોત્સવ મ્યુઝિકલ નાઈટ ૬.૦૦ થી ૮.૦૦ સંજય મોદી દ્વારા મુખ્ય મહેમાન લાયન જીગીશા કંસારા ડિસ્ટ્રિક્ટ ગવર્નર ૨૦૨૪-૨૫ તથા કિરણભાઈ સોની ફેડરેશન પ્રેસિડન્ટ ૩ સી.સમગ્ર કાર્યક્રમના કોડીનેટર લાયન ગિરીશ પટેલ,ગાયત્રી પરિવારજનોએ હાજર રહી વાત્સલ્ય સિનીયર સિટીઝન હોમના વડીલ વૃંદાવનના વડીલો સાથે સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ઉમંગ હર્ષોત્સાહભર શ્રધ્ધાપૂર્વક માણ્યો હતો.

# આરોગ્યપ્રદ આહાર અને જીવન શૈલી અપનાવીને આપણે મેદસ્વિતા ને અટકાવીએ

મોડાસા

આજના ઝડપી જીવનમાં એક વૈશ્વિક સમસ્યા બની ગઈ છે જેનો મુખ્ય કારણ આપણું આહાર અને જીવનશૈલી છે સવારથી લઈને સાંજ સુધીનો આહાર આપણા શરીરના વજન અને આરોગ્ય પર ઉંડી અસર કરે છે જો આહાર અસંતુલિત હોય અથવા તેમાં પોષક તત્વોનો અભાવ હોય તો તે વેદની સ્થિતાને આમંત્રણ આપે છે આ લખમ આપણે જોઈશું કે તેવી રીતે આહાર આદતો વેદવિતાનું કારણ બની શકે છે સવારનો નાસ્તો દિવસની સૌથી મહત્વપૂર્ણ ભોજન બનાવવામાં આવે છે જો સવારે પપૌષ્ટિક નાસ્તોન ના લેવામાં ન આવે તેવામાં ચક્ર અને ચરબીયુક્ત ખોરાક જેવા કે સફેદ બ્રેડનો સમાવેશ હોય તો તે શરીરમાં ઝડપથી સર્કરાનું અસર વધારે છે આવો ખોરાક ઝડપથી ભૂલ લગાડે છે જેના કારણે લોકો દિવસ દરમિયાન વધુ ખાવાનું વર્ણન રાખે છે તેના બદલે ફોટોસ ફળો બદામ અને પ્રોટીન યુક્ત ખોરાક જેવા પૌષ્ટિક વિકલ્પો પસંદ કરવા જોઈએ જે લાંબા સમય સુધી ઉર્જા પૂરી પાડે છે બપોરના ભોજનમાં લસાણીયા ફાસ્ટ ફ્રુટ તળેલા ખોરાક અથવા પૌષ્ટિક ખોરાકનો સામેલ થાય છે

# ગુજરાત યુનિવર્સિટીની આંતર રેસ્લિંગ સ્પર્ધામાં ગાંધીનગરની કૉલેજનો દબદબો



ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ આંતર રેસ્લિંગ સ્પર્ધાનું આયોજન થયું. સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરના બે ખેલાડીઓએ આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું.પુરુષ વિભાગમાં જોગરાજસિંહે ૫૨-૫૭ કિલો વજન વર્ગમાં બીજું સ્થાન મેળવ્યું. તેમની વેસ્ટઝોન નેશનલ માટે પ્રથમ સ્ટેન્ડબાય તરીકે પસંદગી થઈ છે. મહિલા વિભાગમાં રિતિકા ચૌહાણે ૭૨-૭૭ કિલો વજન વર્ગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. તેમની વેસ્ટઝોન નેશનલ સ્પર્ધા માટે સીધી પસંદગી થઈ છે.કૉલેજના આચાર્ય ડૉ. રસિક મેઘનાથી અને પી.ટી.આઈ. ડૉ. વિશાલકુમાર સુથાર સહિત સમગ્ર કૉલેજ પરિવારે બંને ખેલાડીઓની સફળતાને બિરદાવી છે.

# સાયલા તાલુકા નો બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ ભનુભાઈ ખવડને મળ્યો

સાયલા તા ૧૫

આજરોજ ૭૯ મો સ્વતંત્રાતા દિવસનો કાર્યક્રમ સાયલા તાલુકાના વડીયા પ્રાથમિક શાળામાં ઉજવવામા આવ્યો, તે પ્રસંગે સેજકપર ના ભનુભાઈ ખવડને પ્રાકૃતિક કૃષિ પ્રચાર અને પ્રાકૃતિક કૃષિના પાયામા રહેલ ગાય માતાને બચાવવા માટે



પંચગવ્યની પ્રોડક્ટ બનાવી મૂલ્યવર્ધન કરી રહ્યા છે, તેમની કામગીરીની નોંધ લઈ જિલ્લા વિકાસ અધિકારી સાહેબ સુરેન્દ્રનગર, તેમજ સરકાર દ્વારા ચાલતા આત્મા પ્રોજેક્ટ ના સુરેન્દ્રનગર જિલ્લાના ડાયરેક્ટર ભરતભાઈ પટેલ સાહેબ દ્વારા ભનુભાઈ ખવડને તાલુકા કક્ષાનો મૂલ્યવર્ધન બેસ્ટ આત્મા ફાર્મર એવૉર્ડ ૨૦૨૩/૨૪ વર્ષનો રુ ૧૦૦૦૦ પુરસ્કાર સાથે પ્રમાણપત્ર આપી મામલતદાર સાહેબ સાયલાના હસ્તે ભનુભાઈ ખવડનુ સન્માન કરવામાં આવ્યું,

ભનુભાઈ ખવડને સાહિત્ય ક્ષેત્રે ગુજરાત સાંસ્કૃતિક બોર્ડે રાજ્યકક્ષાએ પ્રમાણપત્ર આપી સન્માનિત કરેલ છે, લેખન ક્ષેત્રે સ્વ. વિજયભાઈ રુપાણી સાહેબે તેમના પુસ્તકનુ વિમોચન કરી સન્માનિત કરાય હતા તેમજ ગુજરાત યોગ બોર્ડ દ્વારા સાયલા તાલુકાના યોગકોચ તરીકે પ્રમાણપત્ર આપી સેવા સોપેલી, લકુલીશ યોગ યુનિવર્સિટી દ્વારા યોગાહાર એક્સપર્ટ તરીકેનુ પ્રમાણપત્ર ભનુભાઈને મળેલ છે.અંજાર નાની નાગલપર પંચગવ્ય સંશોધન કેન્દ્રમાં પંચગવ્ય પ્રોડક્ટનુ તાલિમ લઈ પ્રમાણપત્ર મેળવેલ છે તે ઉપરાંત ભનુભાઈ ખવડ આધ્યાત્મિક ક્ષેત્રે વેદ, ઉપનિષદ, શાસ્ત્રનો ઉંડો અભ્યાસ કરેલ છે, શૈક્ષણિક, ધાર્મિક, જેવી સભાઓના સ્ટેજ સંચાલક પણ કરે છે સાથે સાથે રેડીયો ટીવીના આર્ટિસ્ટ પણ છે,

જેઓ હાલમાં શાસ્ત્રીય સંમત કેમિકલ મૂકત પંચગવ્ય પ્રોડક્ટ બનાવી ઓનલાઈન વેચાણ પણ કરી રહ્યા છે અને બીજા ખેડૂતો અને ગોપાલકોને પ્રેરણા આપી રહ્યાં છે. એવોર્ડ મળતા ખુબ મોટી સંખ્ખામાં ખેડૂતો એમના મો. નં.૯૪૨૭૬૬૮૦૬૯ ઉપર અભિનંદન આપી રહયા છે.

# જરાતનું હેરિટેજ સિટી કરશે વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઈવેન્ટ્સની યજમાની

**★વર્ષ ૨૦૨૫માં કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ, એશિયન એક્વાટિક્સ ચેમ્પિયનશિપ, AFC U17 એશિયન કપ ૨૦૨૬ ક્વોલિફાયર અમદાવાદમાં યોજાશે★**

**★★★**

**★એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬, આર્ચરી એશિયા પેરા કપ ૨૦૨૬, વર્લ્ડ પોલિસ એન્ડ ફાયર ગેમ્સ ૨૦૨૯ પણ અમદાવાદમાં યોજાશે★**

**★★★**

**★વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું, ૨૦૩૬ ઓલિમ્પિક્સની યજમાનીની અપેક્ષા★**

વ્યાપાર અને સાહસ માટે જાણીતું રાજ્ય ગુજરાત હવે રમતગમત ક્ષેત્રે વૈશ્વિક નકશા પર ઝળકવા માટે તૈયાર છે. આગામી વર્ષોમાં ગુજરાતના હેરિટેજ સિટી અમદાવાદમાં પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય ગેમ્સનું આયોજન થવાનું છે, જે રાજ્ય માટે ગર્વની વાત છે. ૨૦૨૫માં જ કૉમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપ, એશિયન ઍક્વાટિક્સ ચૅમ્પિયનશિપ અને છહ્લઝ્ર અંડર-૧૭ એશિયન કપ ક્વૉલિફાયર એમ ત્રણ મોટી ઈવેન્ટ્સ યોજાશે અને વિશ્વભરના ટોચના ખેલાડીઓ અમદાવાદના મહેમાન બનશે.

અમદાવાદના નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આગામી ૨૪ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન પ્રતિષ્ઠિત કૉમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપ ૨૦૨૫નું આયોજન છે. આ ચૅમ્પિયનશિપમાં ૨૯ દેશોના ૩૫૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. ત્યારબાદ સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં એશિયન ઍક્વાટિક્સ ચૅમ્પિયનશિપ ૨૦૨૫ યોજાશે, જેમાં ચીન, જાપાન અને કોરિયા જેવા દેશોના તરવૈયાઓ ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, ભારત ૨૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન આયોજિત છહ્લઝ્ર ેં૧૭ એશિયન કપ સાઉદી અરેબિયા ૨૦૨૬ ક્વૉલિફાયરના સાત યજમાન દેશોમાંનો એક છે. ભારતમાં આયોજિત તમામ મૅચ અમદાવાદના ટ્રાન્સસ્ટેડીયા ધ અરેના ખાતે યોજાશે. અમદાવાદમાં યોજાનાર ક્વૉલિફાયરમાં ગ્રુપ-ઢની મૅચ યોજાનાર છે. જેમાં ભારત, ઈરાન, પેલેસ્ટાઇન, ચાઈનીઝ તાઈપેઈ અને લેબનોન જેવા દેશો ભાગ લેશે.

વર્ષ ૨૦૨૬માં એશિયન વેઈટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપ અને આર્ચરી એશિયા પેરા કપ-વર્લ્ડ રેન્કિંગ ટુર્નામેન્ટનું આયોજન પણ અમદાવાદમાં થશે. આ ઉપરાંત, ભારતે વર્લ્ડ પોલિસ એન્ડ ફાયર ગેમ્સ ૨૦૨૯નું આયોજન કરવાનું સન્માન મેળવ્યું છે અને આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને એકતા નગર (કેવડિયા)માં યોજાશે. તો તાજેતરમાં જ ૨૦૩૦ કૉમનવેલ્થ ગેમ્સ માટે ભારતની દાવેદારી મંજૂર કરવામાં આવી છે અને આ ઈવેન્ટ માટે યજમાન શહેર તરીકે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. આ તમામ ઈવેન્ટ્સ રાજ્યને મલ્ટી-સ્પોર્ટ હાઇ-પર્ફોર્મન્સ સ્થળ તરીકે સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગથિયું સાબિત થશે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યને રમતગમત ક્ષેત્રે વૈશ્વિક નકશા પર લાવવાનું જે સપનું જોયું હતું, તેને આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર સાકાર કરી રહી છે. આજે રાજ્યમાં વિશ્વ સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે અને ખેલાડીઓ રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે. આમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શરુ કરેલી ખેલ મહાકુંભ પહેલનો ફાળો નોંધનીય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા લૉન્ચ કરવામાં આવેલી નવી સ્પોર્ટ્સ પોલિસી ૨૦૨૨-૨૭એ ગુજરાતના ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.